# લોકશાહી બચાવવા અમે લડી રહ્યા છીએ : શક્તિસિંહ

## ઝુંપડામાં રહેતા કોંગ્રેસી ધારાસભ્યએ ૧૫ કરોડની ઓફર ઠુકરાવી : ચૂંટણી પૂર્વે કોંગ્રેસના ૨૨ ધારાસભ્યોને તોડવાનો ભાજપનો પ્લાન હતો પરંતુ કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોએ તેને ઉંધો વાળી દીધો : ધારાસભ્યો પર ગર્વ

અમદાવાદ, તા.૩૦

ભાજપની સત્તા અને પૈસાના જોરે કોંગ્રેસના ધારાસભ્યોને તોડી ભાજપમાં ખેંચી રહેલા ભાજપ દ્વારા લોકશાહીની હત્યા થઇ રહી છે અને તેથી લોકશાહીની રક્ષા અને અમારા ધારાસભ્યોની સુરક્ષા માટે કોંગ્રેસના ૪૨ ધારાસભ્યોને કર્ણાટકના બેંગ્લુરૂ લઇને આવ્યા છીએ. ભાજપે કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા ધાકધમકીથી લઇ કરોડો રૂપિયાની ઓફરો થઇ પરંતુ અમારા વફાદાર ધારાસભ્યો તૂટયા નહી કે કોંગ્રેસ છોડીને ગયા નહી. આદિવાસી, ગરીબ અને ઝુંપડામાં રહેતા કોંગ્રેસના ધારાસભ્યોએ ભાજપની રૂ.૧૫ કરોડની ઓફર ઠુકરાવી છે.

ભાજપ સમજી લે કે, અમને કોઇ ખરીદી ના શકે, કોઇ ડરાવી ના શકે. અમારા બધા ધારાસભ્યો એક પરિવારની જેમ સાથે છે અને અમને અમારા વફાદાર ધારાસભ્યો માટે ગર્વ છે એમ આજે કોંગ્રેસના સિનિયર નેતા શકિતસિંહ ગોહિલે કોંગ્રેસના ૪૨ ધારાસભ્યોને એકમંચ પર સાથે રાખીને કરેલી પત્રકારપરિષદમાં જણાવ્યું હતું. કોંગ્રેસના ૪૨ ધારાસભ્યો બેંગ્લુરૂ ગયા બાદ સૌપ્રથમવાર મીડિયા સામે આવ્યા હતા.

શકિતસિંહ ગોહિલે ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ચૂંટણી પહેલાં કોંગ્રેસના ૨૨ ધારાસભ્યોને તોડવાનો અને રાજીનામા અપાવવાનો ભાજપનો પ્લાન હતો અને આ માટે લોકશાહીની હત્યા થાય તે પ્રકારે સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવી છે. પરંતુ અમારા વફાદાર ધારાસભ્યોએ ભાજપનો મેલો મનુસબો પાર પડવા નથી દીધો. અમારી પાસે કોંગ્રેસના ૫૭, એનસીપીના ૨ અને જેડીયુના એક મળી ૬૦ ધારાસભ્યોનું સંખ્યાબળ છે અને રાજયસભાની બેઠક જીતવાના પૂરતા અંક અમારી પાસે છે જ. ગોહિલે સ્પષ્ટ કરી દીધું હતું કે, પૂરના સમયે તા.૨૫મી જૂલાઇએ બનાસકાંઠા, સાબરકાંઠા સહિતના પૂરગ્રસ્ત વિસ્તારોમાં અમારા ધારાસભ્યો સૌથી પહેલા પહોંચ્યા હતા અને તેઓ ઉંડા પાણીમાં ચાલી ચાલીને સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી અસરગ્રસ્તોને સાંત્વના પાઠવી હતી અને જરૂરી રાહત અને બચાવની કામગીરી તેમ જ સહાય-પેકેજ માટે રાજયના મુખ્યસચિવને



આવેદનપત્ર આપ્યુ હતું. એ વખતે ભાજપના એકપણ મંત્રી કે સરકારના એકપણ અધિકારી પૂરગ્રસ્ત વિસ્તારમાં ફરકયા ન હતા. જે સમયે કોંગ્રેસના ધારાસભ્યો પૂરગ્રસ્ત વિસ્તારોમાં લોકમદદે હતા ત્યારે ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોને તોડવામાં અને ખરીદવામાં વ્યસ્ત હતી. ગોહિલે એ પણ સ્પષ્ટતા કરી કે, કોંગ્રેસના ધારાસભ્યો કોઇ મોજમજા કે, ફરવા માટે બેંગ્લુરૂ આવ્યા નથી. જો મોજમજા કરવી હોત કે ફરવું હોત તો, ભાજપ પાસેથી અમારા ધારાસભ્યોએ રૂ.૧૫ કરોડ લઇ લીધા હોત. રૂ.૧૫ કરોડમાં આખી દુનિયાની સફર મોજથી થઇ શકે પરંતુ અમારા ધારાસભ્યો માત્ર પોતાની સુરક્ષા અને લોકતંત્રની રક્ષા માટે અહીં આવ્યા છે. અહીં પણ એટલે આવ્યા કે, કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર છે અને તેથી ભાજપથી અહીં અમને રક્ષણ મળી શકે. હાલમાં બેંગ્લોરમાં ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યો રોકાયેલા છે. શક્તિસિંહે કહ્યું હતું કે, લોકશાહીને બચાવવા માટેની લડાઈ ચાલી રહી છે. રાજકારણમાં દરેક બાબત શકય છે પરંતુ ભાજપની યુક્તિ અયોગ્ય છે. ૧૫ કરોડની ઓફર છતાં પક્ષના સભ્યો દૂર રહ્યા છે.

## કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ બનાસકાંઠામાં

### સ્થાનિકોને વધુ મદદની જરૂર : પાલનપુર, ડીસા, ધાનેરા અને કાંકરેજની કરી મુલાકાત

આજે બનાસકાંઠા પૂર અસરગ્રસ્ત વિસ્તારમા મુલાકાત માટે હાલમાં કોંગ્રસના સલાહકાર તેમજ રાજયસભાના ઉમેદવાર અહેમદ પટેલ સહીત ભરત સોલંકી, અશોક ગેહેલોત સહીતના ડેલિગેશને મુલાકાત કરી હતી. જો કે અહીં મીડિયા સાથેની વાતચિત દરમિયાન સરકાર દ્વારા જે કામ સરકારે કરવું જોઈતું હતું તે કર્યુ નહિ હોવાના આક્ષેપ કર્યા હતા તેમજ સરકારે જો વ્યવસ્થિત કામ કર્યુ હોત તો આટલી તબાહી ના થતી. આટલા લોકોના જીવ ન ગયા હોત એમ જણાવ્યું હતું. અમે વિરોધ પક્ષમાં છીએ તો પણ અમારા ઉપર દોષારોપણ કરે છે. ભાજપ સરકાર પહેલા શરૂમાં કોંગ્રેસના ધારાસભ્યોએ જ કેમ્પ શરૂ કર્યા હતા



તેમજ સરકારની પુરી એજન્સી અમારા ધારાસભ્યોને પરેશાન કરતા હતા તેથી ધારાસભ્યો બહાર ગયા છે. બંને સરકારોનું ધારાસભ્યો ઉપર ત્રાસ હતો એમને પરિવારના લોકોને પરેશાન કરવામાં આવતા હતા તેથી ના છૂટકે તેમને બેંગ્લોર જવું પડ્યું પરંતુ તેવો ત્યાંથી મોનિટરિંગ કરી રહ્યા છે તેમના મોબાઈલ ચાલુ જ છે તેમ જણાવ્યું હતું તેમજ હોર્સ ટ્રેડિંગની શરૂઆત ભાજપ સરકારે શરૂઆત કરી હતી. સરકારે અમારા ટ્રાયબલ ધારાસભ્યને ઉઠાવીને લઈ ગયા તેમાં એસપીનો પણ સાથ હતો સાથોસાથ જે રીતે પૈસાની ઓફર કરવામાં આવી રહી છે. જો સરકાર આવી ઓફર ના કરતી તો આ નોબત ના આવતી. કોંગ્રેસના ધારાસભ્યો ઉપર અમને ભરોસો છે પરંતુ સરકાર તેમને પરેશાન કરતી હતી તેથી તેમને બેંગ્લોર જવું પડ્યું છે.

## ધાનેરામાં બંધબારણે બેઠક કરી મુખ્યમંત્રી રવાના થતાં વેપારીઓમાં રોષ

વિજયભાઈ રૂપાણી થાવર ઉતર્યા બાદ ધાનેરાની માર્કેટ યાર્ડમાં પહોંચ્યા હતા. ધાનેરાની માર્કેટયાર્ડમાં હજારો લોકો તેમની રાહ જોઈ ઉભા હતા. માર્કેટયાર્ડ પહોંચ્યા બાદ મુખ્યમંત્રી માર્કેટયાર્ડની ઓફિસમાં બેઠક કરી હતી અને તે બાદ તેમને મીડિયા સામે જણાવ્યું હતું કે જયારથી વરસાદ શરુ થયો ત્યારથી ગુજરાતની તંત્ર એલર્ટ બની કામ કરી રહ્યું છે અને હું આજથી પાંચ દિવસ માટે બનાસકાંઠા રોકવાનો છું અને લોકોને મળવાનો છું અને પૂરગ્રસ્ત લોકોને તાત્કાલિક સહાય મળે તે માટે અમે લોકો ઝડપથી કામગીરી કરી રહ્યા છીએ અત્યારે ધાનેરાની પ્રજા ભગવાનના ભરોશે જીવી રહી છે. કુદરતે વેરેલા વિનાશ સામે લોકો નિરાશ થઈ બેઠા છે ત્યારે લોકો ને સમાચાર મળ્યા હતા કે ગુજરાતના મુખ્યમંત્રી તેમની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે વહેલી સવારથી લોકો કાગડોળે રાહ જોઈને બેઠા હતા અને લોકોને આશા હતી. મુખ્યમંત્રી આવી કૈક અમારો રસ્તો કરશે પરંતુ વિજયભાઈ રૂપાણી થાવર હેલીબેટ પાર ઉતર્યા બાદ ધાનેરાની માર્કેટયાર્ડ ઓફિસમાં ગયા હતા અને ત્યાં ભાજપના લોકો સાથે બેઠક કરી રવાના થઈ જતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી અને લોકોની સાથે સાથે માર્કેટ યાર્ડના વેપારીઓમાં પણ ભારે રોષની લાગણી જોવા મળી રહી છે લોકોની સાથે સાથે મીડિયાને પણ મુખ્યમંત્રીની બેઠકમાં ન જવા દેતા મીડિયાકર્મીઓ કાર્યક્રમ છોડી ચાલતા થયા હતા અને તે બાદ મુખ્યમંત્રી ધ્વરા મીડિયાકર્મીઓને તાત્કાલિક બેઠકમાં બેલાવ્યા હતા અને તે બાદ માર્કેટયાર્ડની ઓફિસ આગળ વેપારીઓ સાથે વાતચીત કરી રવાના થયા હતા.

## શહેરનો ૫૩મો સ્થાપના દિવસ ઉજવાશે

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તા.૨જી ઓગસ્ટે શહેરના સ્થાપના દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ઉપસ્થિત રહી દિપ પ્રાગટ્ય કરશે. ગાંધીનગર શહેરનો ૫૩મો સ્થાપના દિન શહેરના થર્મલ પાવર સ્ટેશનના વિશ્રામ ગૃહ ખાતે તા.૨જી ઓગસ્ટના રોજ સવારે ૯ કલાકે ઉજવાશે. આ પ્રસંગે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

## ઘ-૨ મહેન્દ્ર કાકા સોડાવાળા દ્વારા ૨૫ વૃક્ષોનું વાવેતર કરાયું

ગાંધીનગર શહેરમાં ઘ-૨ ખાતે સોડાની રેકડી ચલાવતા મહેન્દ્રકાકા સોડાવાળાએ આજરોજ રેકડીની બાજુમાં વનવિભાગની જગ્યામાં ૨૫ વૃક્ષોનું વાવેતર કર્યું છે. મહેન્દ્રકાકા સેવાભાવી તરીકે જાણીતા છે સાથોસાથ પર્યાવરણ પ્રત્યે પણ તેઓને અતુટ પ્રેમ છે. ત્યારે ૨૫ વૃક્ષનું વાવેતર કરીને તેનું જતન કરવાના સંકલ્પ મહેન્દ્રકાકાએ લીધા છે. સોડાવાળા કાકા તરીકે શહેરમાં જાણીતા મહેન્દ્રભાઈ અવનવી સ્કીમો તેમજ સોડા પસંદ ન આવે તો પૈસા પાછા ની સ્કીમથી શહેરમાં ખુબ પ્રચલિત બન્યા છે. તેઓની રેકડી પર શહેરના અનેક રાજકીય અને સામાજીક તેમજ સ્વૈચ્છીક સંસ્થાના આગેવાનોએ આવીને સોડાનો ટેસ્ટ કર્યો છે. સોડાની રેકડીની પાછળની બાજુમાં ખુલ્લી જમીનમાં આંબો, લિમડો, ગુલમહોર, આસોપાલવ, સહિતના છોડનું વાવેતર કરીને તેનું જતન કરવાનો સંકલ્પ કર્યો છે.મહેન્દ્રભાઈએ તમામ છોડ ખાનગી નર્સરીમાંથી લાવ્યા છે. આ પ્રસંગે તેમનો પરિવાર પણ તેમની સાથે હતો.

## પ્રાંતિજ ભાજપ શહેર સંગઠન અને નગરપાલિકા કોર્પોરેટરો દ્વારા અસરગ્રસ્તો માટે કિટ તૈયાર કરાઈ

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ભાજપ શહેર મંડલ તથા નગરપાલિકા કોર્પોરેટરો દ્વારા બનાસકાંઠાના અસરગ્રસ્તો માટે રોજીંદી જરૂરીયાત ચીજવસ્તુ ઓની કીટ બનાવી ગાડી મોકલવામાં આવશે.



બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે ગામે-ગામ પૂરના પાણી ફરી વળતાં ઘરવખરી સહિતનો સર-સામાન નાશ પામ્યો હતો તો કોઈ જગ્યાએ પાણીમાં તણાયો હતો અને મકાનો પણ પડી જવાથી કે પાણી ભરવાથી નુકસાન થયું છે તો બીજીબાજુ ઘરવખરી સહિતનો સામાન સાથે ઢોરઢાંખર પાણીમાં તળાઈ જતાં હજારોની સંખ્યામાં લોકો બેઘર બન્યાં છે. ત્યારે પ્રાંતિજ ભાજપ શહેર સંગઠન પ્રમુખ સહિતના સભ્યો તથા પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ સહિત નગરપાલિકા કોર્પોરેટરો દ્વારા પ્રાંતિજ નગરમાં તથા વિવિધ વોર્ડોમાં ફરીને ફંડ ફાળો એકત્રિત કરીને નાની ભાગોળ ખાતે આવેલ શ્રી હરિહરેશ્વર હોલ ખાતે રોજીદી જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ જેવી કે ચોખા, ધઉ, તેલ, સાબુ-પાવડર, મરી, મસાલા, મીણબત્તી, માચીસ સહિતનું કરીયાણાની કિટો બનાવવામાં આવી હતી. પ્રાંતિજથી બનાસકાંઠાના અસરગ્રસ્તો માટે ગાડી રવાના કરવામાં આવી હતી.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

ટાઈટલ્સની વિગેરેની સંપૂર્ણ જાણકારી બુકિંગ સમયે ગ્રાહકોને પૂરી પાડવાની રહેશે. આના કારણે હાઉસીંગની સ્કીમની માંગમાં વધારો થશે ભાડાથી રહેતા લોકો પોતાનું ઘર ૧૦૦ ટકા લોનથી મેળવી શકશે તમામ પ્રકારના ટાઈટલ કિલયર હોય, માર્કેટ વેલ્યુ મુજબ બેન્કો ૧૦૦ ટકા લોન આપશે જેથી ખરીદ શક્તિ વધશે અને આવક વેરામાં વધારો થશે રીયલ એસ્ટેટ બજારમાં પોતાનું સપનાનું ઘર સરળતાથી મેળવી શકશે અને ડેવલોપર્સ તથા બીયુ સર્ટીફિકેટ ઓથોરીટી દ્વારા આપવામાં આવશે જેથી દસ્તાવેજ રજીસ્ટર કરવામાં મુશ્કેલીઓ દૂર થશે. રેરા દ્વારા રીયલ એસ્ટેટમાં એકસુત્રતા આવશે અને ડેવલોપર્સ પોતાના પ્રોજેકટ યોગ્ય સમયમાં પુરા કરી ગુડવીલ મેળવી શકશે જેથી નવા પ્રોજેકટમાં ગ્રાહકો મેળવવા સરળ રહેશે. રીયલ એસ્ટેટમાં તેજી આવશે રીયલ પરચેઝર માર્કેટ ભાવે સરળતાથી પોતાનું સપનાનું ઘર મેળવી શકશે તથા બુકીંગ એમાઉન્ટ પરત મેળવી શકશે તેમજ આવી રકમ ઉપર વ્યાજ પણ મેળવી શકશે બાંધકામ ક્ષેત્રમાં પારદર્શકતા આવતા હાઉસીંગની માંગમાં વધારો આવશે રેરા તેમજ ગ્રાહકો સાથેના ડેવલોપર્સના વિશ્વાસમાં વધારો કરશે તે નક્કિ છે.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

પણ તેમની સામે ભારતનો રાષ્ટ્રધ્વજ અને જમ્મુ-કાશ્મીરનો ધ્વજ એમ બેઉ ધ્વજ ફરકતા હતા. શાંતિની પુનઃ સ્થાપનાનાં વચન હજુ વચન જ રહ્યાં છે. ત્રણ-ત્રણ વર્ષ દરમિયાન સત્તામાં હોવા છતાં જમ્મુ-કાશ્મીરની સ્થિતિ પાટે ચડતી નથી અને મામલો વધુ વણસી રહ્યો છે. ભારતીય લશ્કરના જવાનો શહીદ થાય છે, સ્થિતિમાં ફરક પડતો ના હોય, તો ચૂંટણી ટાણે અપાયેલાં વચનો ઠાલાં વચન જ બની રહ્યાનું પ્રજા અનુભવે છે.

જમ્મૂ-કાશ્મીરમાં અશાંતિ અને હિંસાની પાછળ પાકિસ્તાનનો હાથ હોવાનાં નિવેદનો સાંભળીને પ્રજાના

આભાર - નિહારીકા રવિયા કાન હવે બહેરા થઈ ગયા છે. અગાઉના શાસકો નમાલા મનાતા હતા અને સ્થિતિ પર અંકુશ લાવી શકતા નહોતા, એવા જાહેર આક્ષેપો કરીને મામલો શાંત પાડવા અને કોકડું ઉકેલવા માટે પ્રજાએ પીડીપી-ભાજપની સરકારની સ્થાપના માટેનો માર્ગ પ્રશસ્ત કર્યો હતો. ત્રણ-ત્રણ વર્ષે પણ માત્ર નિવેદનશૂર શાસકોની ભાંડણલીલા જ સાંભળવાની હોય, તો પ્રજાનો વિશ્વાસ લોકશાહી પરંપરામાંથી ઊઠવાના જોખમ સર્જાય એવું વધુ લાગે છે. શાસનની ગંભીરતા અપેક્ષિત છે. જમ્મૂ-કાશ્મીરનું કોકડું ઉકેલી આપવા 'બીચ મેં મેરા ચાંદભાઈ'ની જેમ રશિયા અને ચીન ખાબકવા તૈયાર છે, પણ દિલ્હી અને શ્રીનગરે પોતીકી પ્રજા સાથે સંવાદ સાધી હિંસાચાર અટકાવીને ઈસ્લામાબાદ સાથે મંત્રણાઓથી પાકિસ્તાને ગપચાવેલા જમ્મૂ-કાશ્મીરના હિસ્સાને તથા બીજિંગ સાથે મંત્રણાથી આક્સાઈ ચીન સહિતના ભારતીય પ્રદેશને પાછો મેળવવા કે ઉકેલને આંબવાની જરૂર છે. માત્ર વાતોનાં વડાંની હવે જરૂર નથી.

- haridesai@gmail.com

### શક્તિ પ્રદર્શન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ક્રમમાં જ ચીને ભૂમિ સૈનિકોની સંખ્યામાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે અને વિકાસ ઉપર વધારે ધ્યાને કન્દ્રિત કર્યુ છે. ટેકનોલોજી વિકાસને વધારે મહત્વ અપાઈ રહ્યું છે. ડોકલામ સરહદી વિવાદને લઈને ભારત અનેચીન આમને સામને છે. છેલ્લા બે મહિનાથી આ મડાગાંઠ પ્રવર્તી રહી છે. ચીની મિડિયા અને અધિકારીઓ દ્વારા વારંવાર યુદ્ધની ધમકી વચ્ચે તંગદિલી ઘટાડવાના પ્રયાસ સફળ થાય તેવા દખાઈ રહ્યા નથી. ભારતીય એનએસએ અજીત દોભાલ તાજેતરમાં જ ચીનના પ્રવાસથી પરત ફર્યા છે. સિક્કિમ સરહદી વિવાદ પર મડાગાંઠને દૂર કરવામાં તેમને સફળતા મળી નથી. લશ્કરી સેનાનું નિરીક્ષણ કર્યા બાદ શી જિંગપિંગે કહ્યું હતું કે, પીપલ્સ લિબ્રેશન આર્મીએ જંગ માટેની તૈયારીઓને જ પોતાના એક માત્ર અને આધારભૂત માપદંડ તરીકે બનાવવાની જરૂર છે. જિંગપિંગના કહેવા મુજબ સંપૂર્ણ ધ્યાન હમેશા જંગની તૈયારી ઉપર હોવું જોઈએ જેથી પોતાનો ખાસ અને અતિ શક્તિશાળી સેનાને પરિવર્તિત કરી શકીયા છે. હમેશા જીત પણ મળી શકાય તેવી તૈયારી કરવી જોઈએ. પ્રમુખે પોતાના અધિકારીઓ અને સૈનિકોને અપીલ કરી હતી કે, તેઓ રસેનાને વધુ એલર્ટ રાખવા ઈચ્છુક છે. ફેરફાર મારકફતે સેનાને મજબૂત કરવામાં આવે તે જરૂરી છે. સાયન્સ અને ટેકનોલોજી મારફતે સેનાને વધુ આધુનિક બનાવવામાં આવે તેના ઉપર જિંગપિંગે ભાર મુક્યો હતો.

### સંપત્તિ જપ્ત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જપ્ત કરવા માટે કામગીરી શરૂ થઈ ચુકી છે. સુત્રોના કહેવા મુજબ આ ગાળા દરમિયન માલ્યાની આશરે ૧૦૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. તમિળનાડુમાં આ ગાળા દરમિયાન અનેક વખત દરોડા પાડવામાં આવ્યા છે જેમાં શેખર રેડ્ડી કેસ સૌથી મહત્વપૂર્ણ છે. સૂત્રોના કહેવા મુજબ ઈડીએ પોતાના અધિકારીઓને ખોટી રીતે એકત્રિત કરવામાં આવેલા પૈસા ઉપર આક્રમક કાર્યવાહી કરવા માટે કહેવામાં આવ્યું છે. આનુ પરિણામ એ છે કે, આંકડા છેલ્લા ૧૦ વર્ષની સરખામણીમાં ખુબ વધારે છે. સુત્રોનું કહેવું છે કે, આ સમગ્ર મામલામાં ઈન્કમટેક્સ વિભાગ અને સીબીઆઈ જેવી સંસ્થાઓના સહકારથી પગલા લેવામાં આવ્યા છે. આ ઉપરાંત કોર્પોરેટર મામલાના મંત્રાલયે પણ જંગી કાર્યવાહી ચાલુ કરી છે. કોર્પોરેટ મામલાના મંત્રાલય દ્વારા બનાવટી કંપનીઓ ઉપર અંકુશ મુકવા માટે એક કમિટિ બનાવવામાં આવી છે જે આ તમામ સંસ્થાઓ સાથે સંપર્કમાં છે. ઈડી આવી બનાવટી કંપનીઓ ઉપર કાર્યવાહી ઝડપી કરી રહી છે. જે કંપનીઓએ વિદેશમાં કરોડો રૂપિયા ટ્રાન્સફર કર્યા છે. એપ્રિલ મહિનામાં ઈડીએ ચેન્નાઈની એક ૩૬ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી હતી. આ વ્યક્તિએ પોતાની છ બનાવટી કંપનીઓ મારફતે ૭૮ કરોડ રૂપિયા વિદેશમાં મોકલ્યા હતા. ૧૨મી જુલાઈ સુધી આશરે દોઢ લાખ બનાવટી કંપનીઓ રજિસ્ટ્રાર ઓફ કંપનીઓ દ્વારા બંધ કરવામાં આવી છે જે પૈકી આશરે ૩૨ ટકા કંપનીઓ દક્ષિણી રાજ્યો છે.


